કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક
Website : www.kutchuday.com
તા.૩૦ માર્ચ, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂા.૨/-
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

◆અંક નંબર : ૪૬◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 97708◆ સંવત ૨૦૮૧ ◆ચૈત્ર સુદ-૧◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# સંઘ - ભાજપમાં કોઈ મતભેદ નહીં : RSS







પ્રધાનમંત્રી બન્યા પછી, નરેન્દ્ર મોદી રવિવારે પહેલી વાર નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્યાલય પહોંચ્યા. આ કોઈપણ વડા પ્રધાનની પહેલી મુલાકાત છે. પીએમની મુલાકાત દરમિયાન, RSSએ કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટી સાથે કોઈ મતભેદ નથી. પીએમ મોદીની મુલાકાતને ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ગણાવતા, RSSના શેષાદ્રી ચારીએ કહ્યું, "લોકો હંમેશા RSS અને BJP વચ્ચેના સંબંધો વિશે વાત કરે છે.અમે પહેલા પણ તેના વિશે વાત કરતા આવ્યા છીએ. ભાજપ અને RSS વચ્ચે કોઈ ફરક નથી."RSS નેતાએ કહ્યું, "જે લોકો સંઘ અને ભાજપ વિશે કંઈ જાણતા નથી તેઓ જ કહે છે કે ભાજપ

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યના વહીવટી તંત્રમાં તોળાઈ રહેલા ધરખમ ફેરફારો

### તાજેતરમાં જ ગેસ કેડરમાંથી આઈએએસ કેડરમાં નોમિનેશન મેળવેલ અધિકારીઓને ડીડીઓ તરીકે નિમણૂંક આપવામાં આવે તેવી શક્યતા : એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓની બદલીના વાગતા ભણકારા

ગાંધીનગર: રાજ્યના વહીવટી તંત્રમાં આગામી ટૂંક સમયમાં બઢતી અને બદલી નો દોર હાથ ધરવામાં આવશે. તાજેતરમાં જ ગેસ કેડર માંથી આઈએએસ કેડરમાં નોમિનેશન પામેલ ૧૦ થી વધુ અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેમજ અન્ય જગ્યાએ નિમણૂંક આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહે છે. સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના વહીવટી તંત્રમાં ઘણા લાંબા સમયથી બદલીઓ કરવામાં આવી નથી તેમજ બઢતી ની પ્રક્રિયા પણ વિલમાં પડી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના વહીવટી તંત્રને તેમજ જિલ્લા તંત્રને વધુ પારદર્શક તેમજ અસરકારક બનાવવા માટે હવે જિલ્લામાં એક જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અને ડીડીઓ કક્ષાના અધિકારીઓની બદલી ઓ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા મહિના પહેલાં જ ગુજરાતના ૧૦ થી વધુ એડિશનલ કલેકટરોને આઈએએસ કેડરમાં નોમિનેશન આપીને જે જગ્યાએ ફરજ બજાવતા હતા તે જ જગ્યાએ નિમણૂકો આપી દેવામાં આવી હતી. હવે આ અધિકારીઓને જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેમજ અન્ય વિભાગોમાં અને કેટલાકને જિલ્લા કલેક્ટર તરીકે નિમણૂકો આપવામાં આવનાર હોવાની ચર્ચાઓ સચિવાલયના વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એપ્રિલના બીજા સપ્તાહમાં રાજ્યના વહીવટી તંત્રમાં બઢતી અને બદલીઓ નો દોર હાથ ધરીને વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓ તેમજ ગેસ કેડરના એડિશનલ કલેક્ટર કક્ષાના અધિકારીઓ ની પણ બદલીઓ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કચ્છ ઉદય
સીંધી સમાજના આરાધ્યદેવ પૂ.ઝુલેલાલજી-પૂ. દરિયાલાલની જન્મજયંતિ નિમિતે સર્વેને શુભકામના
- વ્યવસ્થાપક
કચ્છ ઉદય

## ભયાનક ભૂકંપ બાદ મ્યાનમારમાં 'કચ્છ' જેવી સ્થિતિ

### લાખો લોકોએ માર્ગો પર રાત વીતાવી, ઘરમાં જતાં જ ડરે છે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ગુજરાતના કચ્છમાં ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના રોજ ૭.૬ની તીવ્રતાનો જે ભૂકંપ આવ્યો હતો તેને યાદ કરીને આજે પણ લોકો શમશમી જાય છે. ત્યારે સમગ્ર ગુજરાતના લોકોના ચહેરા પર ભૂકંપને લઈને ભય દેખાઈ આવતો હતો. લોકો ઘરમાં જઈને સૂતા પણ ડરતા હતા કેમ કે અવારનવાર આફ્ટરશોક આવતા હતા. તે સમયે લગભગ ૨૦૦૦૦ના મોત તથા દોઢ લાખથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જોકે હવે આવી જ કંઈક સ્થિતિ મ્યાનમારમાં આવેલા ભૂકંપ બાદ જોવા મળી રહી છે.

મ્યાનમારમાં ૭.૭ અને પછી ૭.૨ ની તીવ્રતાના એક પછી એક ભૂકંપ બાદ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મ્યાનમાર પહેલાથી જ રાજકીય અસ્થિરતાનો સામનો કરી રહ્યું હતું. તે જ સમયે, ભૂકંપ પછી પણ રાહત અને બચાવ કાર્ય યોગ્ય રીતે થઈ રહી નથી. માળખાગત સુવિધાઓ અને રસ્તાઓને થયેલા નુકસાનને કારણે રાહત સામગ્રી સ્થળ પર પહોંચવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ભૂકંપ પછીના આંચકાઓના ડરથી, હજારો લોકો પોતાના ઘર છોડીને રસ્તાઓ પર સૂઈ જવા મજબૂર છે. લોકોના ચહેરાઓ પર ડર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. અત્યાર સુધી લગભગ ૧૬ વખત મ્યાનમારમાં ભૂકંપના ઝટકા અનુભવાઈ ચૂક્યા છે.

યુએન ઓફિસ ફોર ધ કોઓર્ડિનેશન ઓફ હ્યુમેનિટેરિયન અફેર્સ અનુસાર, ઘણા લોકોએ તેમના ઘરોને થયેલા નુકસાન અને ભૂકંપ પછીના આંચકાઓના ડરને કારણે તેમના ઘરની અંદર જવાની હિંમત પણ કરી ન હતી. આવી સ્થિતિમાં લોકોએ ઘરની બહાર રાત વિતાવી. મ્યાનમારમાં આવેલા ભૂકંપ માં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૭૦૦ લોકો માર્યા ગયા છે અને ૩,૪૦૦ લોકો ઘાયલ થયા છે.

## ચેન્નાઈમાં સ્પાઈસજેટની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ : ૨૫૦ લોકોના જીવ જોખમમાં!

નવી દીલ્હી : રાજસ્થાનના જયપુરથી આવતી એક ફ્લાઈટનું ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. ફ્લાઈટ જયપુર એરપોર્ટથી ઉડાન ભરી હતી, પરંતુ ટેકનિકલ ખામીને કારણે તેને ચેન્નાઈ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવવી પડી હતી. આજે સવારે લગભગ ૫:૪૬ વાગ્યે લેન્ડિંગ થયું. પ્રાથમિક તપાસમાં વિમાનનું વ્હીલ તૂટેલું જોવા મળ્યું. તેમ છતાં, વિમાનમાં ટેકનિકલ ખામી પાછળના કારણો શોધવાનું કામ ચાલુ છે. આ વિમાન સ્પાઈસજેટ એરલાઈન્સનું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાઈલટે છ્રૂ ને વિમાનમાં ટેકનિકલ ખામી અંગે જાણ કરી હતી, ત્યારબાદ વિમાનને અધવચ્ચે જ પરત ફરવાની સૂચના આપવામાં આવી હતી અને કોઈ અનિચ્છનીય ઘટના બનવાની આશંકાને કારણે વિમાનને રસ્તામાં જ ચેન્નાઈ એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું હતું. વિમાનમાં લગભગ ૨૫૦ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ હતા, જેમને ઈમરજન્સી ગેટમાંથી બચાવી લેવામાં આવ્યા હતા.

## હમાસ યુદ્ધવિરામ માટે સંમત : ઈજિપ્તના પ્રસ્તાવને મંજૂરી

નવી દીલ્હી : હમાસે ઈજિપ્તના યુદ્ધવિરામ પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો છે. ઈજિપ્તે આ પ્રસ્તાવ બે દિવસ પહેલા જ રજૂ કર્યો હતો. નવા પ્રસ્તાવમાં, હમાસ ૫ બંધકોને મુક્ત કરશે. સીએનએનએ હમાસના સ્ત્રોત પાસેથી મળેલી માહિતીના આધારે આ અહેવાલ પ્રકાશિત કર્યો છે. ઈજિપ્તનો નવો પ્રસ્તાવ અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફના પ્રસ્તાવ સાથે મેળ ખાય છે. હમાસ મૃતદેહો સોંપ શે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.

ગાઝામાં હમાસના વડા ખલીલ અલ-હય્યાએ શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે: "અમારા લોકો અને પરિવારો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતામાં, અમે યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી તમામ દરખાસ્તો પર જવાબદારી પૂર્વક અને સકારાત્મક રીતે

અનુસંધાન પાના નં.૪ પર

## ૨ એપ્રિલથી શેર બજારમાં તેજીના અણસાર : અમેરિકા-ભારત બંને તરફથી આવશે ગુડ ન્યૂઝ

મુંબઈ : તાજેતરમાં ભારતીય શેરબજારમાં થોડો અટકાવ જોવા મળ્યો હતો, જેનો મુખ્ય કારણ અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ભારે ટેરિફ હતા. જોકે, હવે સારા સમાચાર આવ્યા છે! ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધી મહત્વના કરારો થયા છે, જેના કારણે બજારમાં ફરી તેજી આવી શકે છે. ભારત અને અમેરિકાએ પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ આગામી અઠવાડિયામાં ક્ષેત્રવાર વાતચીત કરવાનો નિર્ણય લીધો છે. વાણિજ્ય મંત્રાલયે શનિવારે આ માહિતી આપી. ભારત અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે ચાર દિવસની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વાટાઘાટો શનિવારે અહીં સમાપ્ત થઈ. દક્ષિણ અને પશ્ચિમ એશિયા માટે યુએસ સહાયક વેપાર પ્રતિનિધિ બ્રાન્ડન લિંચના નેતૃત્વમાં યુએસ અધિકારીઓની એક ટીમ વાટાઘાટો માટે ભારતની મુલાકાતે હતી. વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, "BTA હેઠળ ક્ષેત્રના નિષ્ણાત સ્તરની વાતચીત આગામી

અનુસંધાન પાના નં.૪ પર

## ભારત- મધ્ય પૂર્વ યુરોપ આર્થિક કોરિડોર શું છે? જેનો મોદીએ કર્યો છે ઉલ્લેખ?

નવી દીલ્હી : તાજેતરમાં જ વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે ભારત કેવી રીતે પડકારોનો સામનો કરી રહ્યું છે અને ઉકેલો શોધી રહ્યું છે. ભારત મધ્ય પૂર્વ યુરોપ આર્થિક કોરિડોર એક એવો પ્રોજેક્ટ છે જે એશિયા, યુરોપ અને મધ્ય પૂર્વને વાણિજ્ય અને જોડાણ દ્વારા જોડશે. આ સાથે, જેમ જેમ વેપાર વધશે, તેમ તેમ વિશ્વને વૈકલ્પિક વેપાર માર્ગો પણ મળશે.આનાથી વૈશ્વિક સપ્લાય ચેઈન પણ વધશે. આ પ્રોજેક્ટ પણ ભારત દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારે આ ઈન્ડિયા મિડલ ઈસ્ટ યુરોપ ઈકોનોમિક કોરિડોર શું છે અને ભારત સહિત કેટલા દેશોને તેનો ફાયદો થશે? તેની જો વાત કરીએ તો ભારતે આ પ્રોજેક્ટ ૨૦૨૩માં દેશમાં યોજાયેલી G-૨૦ સમિટમાં શરૂ કર્યો હતો. આ માટે વિશ્વના ઘણા દેશોની સરકારો વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

તેમાં યુનાઈટેડ સ્ટેટ્સ, સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને યુરોપિયન યુનિયનનો સમાવેશ થતો હતો. IMEECનો ઉદ્દેશ્ય UAE, સાઉદી અરેબિયા, જોર્ડન, ઈઝરાયલ અને યુરોપિયન યુનિયન દ્વારા ભારત, યુરોપ અને મધ્ય પૂર્વને જોડવાનો છે. આને ભારત-યુરોપ-અમેરિકા સપ્લાય ચેઈનને ભવિષ્યમાં મજબૂત બનાવવાના માર્ગ તરીકે જોવામાં આવી રહ્યું છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે, "IMEEC પાસે બે અલગ અલગ કોરિડોર હશે, પૂર્વીય કોરિડોર ભારતને અખાત સાથે જોડશે અને ઉત્તરીય કોરિડોર અખાતને યુરોપ સાથે જોડશે. આ કોરિડોરનો ઉદ્દેશ્ય કનેક્ટિવિટી વધારવા, કાર્યક્ષમતા વધારવા, ખર્ચ ઘટાડવા, પ્રાદેશિક પુરવઠા શૃંખલાઓને સુરક્ષિત કરવા, વેપાર વધારવા, રોજગારીનું સર્જન કરવા અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાનો છે. આના પરિણામે એશિયા, યુરોપ અને મધ્ય પૂર્વમાં મોટા ફેરફારો થશે. IMEEC ભાગીદાર દેશોમાં માળખાગત સુવિધાઓની ખામીઓને દૂર કરવા માટે ૨૦૨૭ સુધીમાં $૬૦૦ બિલિયન એકત્ર કરવાનો લક્ષ્ય રાખે છે.

આ પ્રોજેક્ટ દ્વારા, યુરોપ અને એશિયા વચ્ચે માલની ઝડપી અવરજવરની સાથે ભારતની દરિયાઈ સુરક્ષામાં વધારો થશે. આનો સીધો ફાયદો ભારતના અર્થતંત્રને થશે.દરિયાઈ સુરક્ષા વધશે: IMEEC ભારતની દરિયાઈ સુરક્ષાને મજબૂત બનાવવા તેમજ યુરોપ અને એશિયા વચ્ચે માલસામાનની અવરજવરને ઝડપી બનાવવાનું વચન આપે છે. આ પહેલ માત્ર ભારતની શિપિંગ ક્ષમતા અને બંદર માળખાગત સુવિધામાં વધારો કરશે નહીં, પરંતુ આ પ્રોજેક્ટ ચીનના બેલ્ટ એન્ડ રોડ પહેલ માટે એક વ્યૂહાત્મક પ્રતિભાવ પણ સાબિત થશે. આ કોરિડોર સમગ્ર પ્રદેશમાં વેપારની માંગ અને પુરવઠામાં વધારો કરશે, વ્યવહાર ખર્ચ ઘટાડશે અને રોજગારની નવી તકોનું સર્જન કરશે. IMEEC ઔદ્યોગિક વિકાસને સરળ બનાવશે અને યુરોપિયન બજાર સુધી પહોંચમાં સુધારો કરશે, અને સારી લોજિસ્ટિક્સ સેવાઓ દ્વારા ભારતની સપ્લાય ચેઈનને વધુ સુરક્ષિત બનાવશે. વેપાર સરળ બનશે: IMEEC કોરિડોર લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરશે અને ઉત્પાદનો, નવીનીકરણીય ઊર્જા અને માહિતીનો સતત, વિશ્વસનીય પ્રવાહ સુનિશ્ચિત કરશે. મુખ્ય સભ્ય દેશોમાં સ્થાપિત લોજિસ્ટિક્સ હબ, રોડ નેટવર્ક અને બંદરો સાથે, ભારતને યુરોપ અને તેના પડોશીઓ સાથે વેપાર જોડાણમાં વધારો થવાનો લાભ મળશે. એટલુ માત્ર જ નહી પણ આર્થિક લાભો ઉપરાંત, IMEEC સાંસ્કૃતિક અને રાજકીય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપશે. આ પહેલ પ્રવાસન અને શૈક્ષણિક તકોને પણ પ્રોત્સાહન આપશે.

## PM મોદી ૧૨૦મી વખત કરી રહ્યા છે 'મન કી બાત' : દેશવાસીઓને શુભકામના આપી

નવી દીલ્હી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાલ મન કી બાત કાર્યક્રમ દ્વારા દેશવાસીઓને સંબોધિત કરી રહ્યા છે. વાસ્તવમાં આ મન કી બાત કાર્યક્રમનો ૧૨૦મો એપિસોડ છે.મોદી ૧૨૦મી વખત કરી રહ્યા છે 'મન કી બાત', દેશવાસીઓને શુભકામના આપી શરૂઆતત કાર્યક્રમના ૧૨૦મા એપિસોડમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ચૈત્ર નવરાત્રી, ગુડી પડવા અને ભારતીય નવા વર્ષની શુભેચ્છા પાઠવી.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' કાર્યક્રમના ૧૨૦મા એપિસોડમાં દેશવાસીઓને ચૈત્ર નવરાત્રી, ગુડી પડવા અને હિન્દુ નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું, આજે ખૂબ જ શુભ દિવસે મને તમારી સાથે 'મન કી બાત' શેર કરવાની તક મળી છે. આજે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. ભારતીય નવું વર્ષ પણ આજથી શરૂ થઈ રહ્યું છે.

અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !
– દેવેન વ્યાસ



**બહાર બરાડા પાડો છો અને ઘરમાં અવાજ પણ નથી નીકળતો ?**

## ચીનને અમેરિકાનો ઝટકો

### ભારતમાં પરમાણુ રિએક્ટર પ્લાન્ટ સ્થાપશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ભારત-અમેરિકા અસૈન્ય પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યાના બે દાયકા પછી એક અમેરિકન કંપનીને હવે ભારતમાં પરમાણુ રિએક્ટર બનાવવા અને ડિઝાઈન કરવાની મંજૂરી આપવામાં મળશે તેવું ચોક્કસ દેખાઈ રહ્યું છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી તરફથી આ પ્રોજેક્ટ માટે મંજૂરી મળી ગઈ છે. ઊર્જા વિભાગે હોલ્ટેક ઈન્ટરનેશનલને ભારતમાં પરમાણુ રિએક્ટર ડિઝાઈન અને નિર્માણ માટે મંજૂરી આપી છે.

૨૬ માર્ચના રોજ ઊર્જા વિભાગની મંજૂરીથી હોલ્ટેક ઈન્ટરનેશનલની પ્રોજેક્ટ માટેની અરજી જેને **"10CFR810"** (યુ.એસ. એટોમિક એનર્જી એક્ટ ઓફ ૧૯૫૪, ફેડરલ રેગ્યુલેશન્સના શીર્ષક ૧૦ નો ભાગ ૮૧૦) તરીકે ઓળખવામાં આવે છે, તેમાં ચોક્કસ પ્રતિબંધોનો ઉલ્લેખ છે.

## પ્રિયંકા મતવિસ્તાર વાયનાડમાં....



કોંગ્રેસ નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધી વાડરા હાલમાં પોતાના મતવિસ્તાર કેરળના વાયનાડની મુલાકાતે છે. અહીં તેઓ અનેક ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નેતાઓ અને પ્રતિનિધિમંડળના સભ્યોને મળ્યા હતા અને અનેક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. તેમણે સંસદમાં લોકશાહી પ્રક્રિયાને નબળી પાડવાનો અને યોગ્ય ચર્ચાઓ અટકાવવાનો કેન્દ્ર સામે આક્ષેપ કર્યો હતો.

## USમાં પૂર, ભીષણ વાવાઝોડાથી ભારે તબાહી : ચાર જણાંનાં મોત

ટેક્સાસ : અમેરિકા અને તેને અડીને આવેલા મેક્સિકોમાં વાવાઝોડાએ ભારે વિનાશ સર્જ્યો છે. ટેક્સાસ-મેક્સિકો સરહદ પર ભારે વરસાદને કારણે સેંકડો લોકો પાણી ભરાયેલા ઘરો અને કારમાં ફસાયા હતા. પૂર અને તોફાનમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા હતા, જેમાં કેટલાક ડૂબી ગયા હતા. ટેક્સાસમાં નીચાણવાળા વિસ્તારોમાં સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે.



જેમાં રિયો ગ્રાન્ડે વેલીનો પણ સમાવેશ થાય છે.જ્યારે મેક્સિકોમાં સેંકડો લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોઝમાં રેસ્ક્યુ ટીમ છાતી સુધી ભરાયેલા પાણીમાં ચાલતા દેખાતા હતા.અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે, હિડાલ્ગો કાઉન્ટીમાં ત્રણ લોકોના મોત થયા છે. આ અઠવાડિયે ૫૩ સેન્ટિમીટરથી વધુ વરસાદથી હાર્લિંગેન શહેર ભીંજાઈ ગયું હતું.

# માતાનામઢ ખાતે ચૈત્રી નવરાત્રીનો ઘટસ્થાપન સાથે પ્રારંભ




નખત્રાણા : માતાનામઢે ચૈત્રી નવરાત્રીના પ્રારંભ સાથે રવિવારે હજારો ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. ગત રાત્રીએ જાગીર અધ્યક્ષ યોગેન્દ્રસિંહ રાજાબાવાએ ઘટ સ્થાપન વિધિ સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે ગજુભા ચૌહાણ, સિદ્ધરાજસિંહ, ધ્રુવરાજસિંહ ચૌહાણ, ટ્રસ્ટી પ્રવીણસિંહ વાઢેર, ખેંગારજી જાડેજા, વિનોદ સોલંકી, ચત્રભુજ ભાનુશાલી, મયુરસિંહ જાડેજા, આશરભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ જસુભા જાડેજા, સુરેન્દ્રસિંહ જાડેજા વગેરે હાજર રહ્યા હતા. રાત્રીએ ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ પ્રમુખ આર.સી. ફળદુ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડાના સંસદ સભ્ય દેવુસિંહ ચૌહાણે માતાજીના દર્શનનો લાભ લીધો હતો. તેમનું જાગીર શાખા તથા સુરેન્દ્રસિંહ જાડેજા દ્વારા સન્માન કરાયું હતું.

## ભુજ આશાપુરા મંદિરે ઘટસ્થાપન




આદ્ય શક્તિની આરાધનાના પર્વ એવા ચૈત્રી નવરાત્રીનો આજથી પ્રારંભ થયો છે. ગઈકાલે ભુજના ઐતિહાસિક આશાપુરા મંદિરે ઘટ સ્થાપન કરાયું હતું. પૂજારી જનાર્દન દવેએ વિધિવિધાન સાથે માતાજીની મુર્તિની સાક્ષીએ ઘટસ્થાપન કર્યું હતું. ઘટ સ્થાપન સાથે જ નવ દિવસ ચાલનાર ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે. ભુજ આશાપુરા મંદિરે બહોળી સંખ્યામાં માઈ ભક્તોની ઉપસ્થિતિમાં ઘટસ્થાપન કરાયું હતું. ચૈત્રી નવરાત્રી નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે હોમ હવનનું આયોજન કરાયું છે.

# વેલ્સપન કંપનીના ગેટ સામે ડમ્પરે બાઈકને ઉડાવતાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીનું મોત

### યુવક આદિપુરની સ્કૂલમાં પરીક્ષા આપી ઘરે જતો હતો એ દરમિયાન અકસ્માત નડ્યો : હતભાગીના પિતા અમેરિકાથી આવ્યા બાદ અંતિમવિધિ કરાઈ

અંજાર : તાલુકાના વરસામેડીમાં આવેલી વેલ્સપન કંપનીના ગેટ નંબર ૩ની પાસે અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીનું મોત થતાં અરેરાટી ફેલાઈ હતી.

આ અંગે મળતી માહિતી પ્રમાણે મૂળ બિહારના હાલે વરસામેડી રહેતા અંજુદેવી સુધનસિંગ પ્રસાદે જણાવ્યું કે, તેમનો દિકરો અંકુશ ધોરણ ૧૨માં અભ્યાસ કરતો હતો. આદિપુરની સેવી સ્કૂલમાં ધોરણ ૧૨ સીબીએસઈ બોર્ડની પરીક્ષા આપી ઘરે આવતો હતો, ત્યારે ૨૧મી માર્ચના બપોરે ૨ વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. અંકુશ બાઈક નંબર જી.જે. ૧૨ બીએસ ૭૫૫૪ લઈને આવતો હતો, ત્યારે બપોરે ૨ વાગ્યાના અરસામાં ડમ્પર નંબર જી.જે. ૩૯ ટીએ ૦૦૯૬ના ચાલકે પોતાનું ડમ્પર પુર ઝડપે ચલાવી દિકરા અંકુશની બાઈકને ટક્કર મારતા અકસ્માતમાં માથાના ભાગે અને દાઢીના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી.

સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ડમ્પર લઈને આરોપી ચાલક ભાગી ગયો હતો. હતભાગીના પિતા વરસામેડીની વેલ્સપન કંપનીમાં નોકરી કરે છે અને કંપનીના કામથી અમેરિકાના લીટલરોક સીટી ખાતે મહિના પહેલા ગયા હતા. પરિવાર દ્વારા તેઓને અકસ્માતની જાણ કરાતાં તેઓ ભાંગી પડ્યા અને તાત્કાલિક ભારતમાં આવી પહોંચ્યા હતા. અંજારમાં અંતિમવિધિ કર્યા બાદ પરિવાર તેમના મૂળ વતન બિહાર ગયો હતો. જયાંથી પરત આવી અંજાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બનાવને પગલે પરિવારે એકનો એક પુત્ર અને બહેને ભાઈ ગુમાવ્યો હતો.

# સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાત અંગે સમિતિ દ્વારા કચ્છમાંથી અભિપ્રાયો મેળવાયા




### સમાન નાગરિક સંહિતા અંગે યુ.સી.સી. સમિતિ દ્વારા ભુજમાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ : સમિતિએ કચ્છ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજકીય, સામાજિક, ધાર્મિક, સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી

ભુજ : ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા સંદર્ભે યુ.સી. સી.ની સમિતિના સભ્ય સી.એલ. મીનાની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટર કચેરી ભુજ ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં સમિતિ દ્વારા સમાજના વિવિધ સમુદાય, વર્ગો, સામાજિક - ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓ, પ્રબુદ્ધ નાગરિકો પાસેથી સમાન નાગરિક સંહિતાના અમલીકરણમાં ક્યા મુદ્દાઓને સામેલ કરવા જોઈએ એ સંદર્ભમાં મૌખિક તથા લેખિત પ્રતિભાવો - સૂચનો મેળવવામાં આવ્યા હતા.

સમાન નાગરિક સંહિતા મામલે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સમિતિના સભ્ય સી.એલ. મીનાએ બેઠકમાં કહ્યું હતું કે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના સભ્યો રાજ્યના તમામ જિલ્લાઓમાં જઈને યુ.સી.સી. અંગે રજૂઆતો સાંભળીને અભિપ્રાયો મેળવી રહ્યા છે.

શ્રી મીનાએ ઉપસ્થિત સૌને યુ.સી.સી. વિશે વિગતવાર સમજણ આપી હતી તેમજ તેના વિશે પ્રવર્તતી ગેરસમજ અંગે વિસ્તૃત વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, સમાન નાગરિક સંહિતા કોઈ જ્ઞાતિ કે સમાજના વિશેષ વર્ગને ટાર્ગેટ કરતી નથી. ઉપરાંત તે કોઈ ધર્મ કે સંપ્રદાયના રીતિ-રિવાજને પણ સ્પર્શતી નથી. આ સમિતિએ ઉપસ્થિત પ્રબુદ્ધ લોકોને સમાન નાગરિક સંહિતાના કારણે ધર્મની સ્વતંત્રતા, લગ્ન પદ્ધતિઓ અંગેની વિવિધ ઉદભવેલી ભ્રાંતિઓથી આશ્વસ્ત કર્યા હતાં. વધુમાં જણાવ્યું હતું કે, યુ.સી. સી. ભારતીય સંસ્કૃતિ અને તમામ ધર્મોને આદર આપે છે. વિવિધ ધર્મ-સંપ્રદાયમાં જોવા મળતા રીતિ-રિવાજોને પણ યુ.સી.સી. આદર આપે છે.

આ તકે કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્યો કેશુભાઈ પટેલ, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, અનિરૂધ્ધભાઈ દવે, ભુજ નગરપાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકી તેમજ અન્ય રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, સમાજના વિવિધ વર્ગના પ્રતિનિધિઓએ અને પ્રબુદ્ધ નાગરિકોએ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો, નાણાંકીય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર સમાન સિવિલ કોડ સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

રાજ્યનો કોઈ પણ નાગરિક સમાન નાગરિક સંહિતા માટે વેબ-પોર્ટલ https://uccguja®a.in પર અથવા - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦એ, ગાંધીનગર, પિન- ૩૮૨૦૧૦ પર પોતાના મંતવ્યો અને સૂચનો ૧૫-૪ સુધી રજૂ કરી શકશે.

બેઠકમાં જિલ્લા કલેક્ટર આનંદ પટેલ, પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સૂંડા, પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર, ગાંધીધામ મ્યુનિસિપલ કમિશ્નર મિતેશ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર દિપેશ ચૌહાણ, ડીઆરડીએના ડાયરેક્ટર નિકુંજ પરીખ તથા સંબંધિત વિભાગના અધિકારીઓ, જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, વકીલ મંડળના પ્રમુખો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાના અગ્રણીઓ, કોલેજના આચાર્યો, ધાર્મિક સંસ્થાનોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સમાન સિવિલ કોડ અંગે પોતાના સૂચનો - મંતવ્યો રજૂ કર્યા હતાં.

## યુસીસી સમિતિના સભ્યો સાથે પરામર્શ

ભુજ : કચ્છની મુલાકાતે આવેલા યુસીસી કમિટીના સભ્ય શ્રી મીણા સાથે કચ્છ મુસ્લિમ સમુદાયના અગ્રણી હાજી જુમાભાઈ રાયમા અને અન્ય આગેવાનોએ મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં કોઈપણ નવા કાયદા બને તેનો વિરોધ નથી પરંતુ બંધારણે દરેક સમાજને આપેલા મુળભૂત અધિકારોનું રક્ષણ થવું જોઈએ અને કોઈ એક ચોક્કસ સમુદાયને ટારગેટ કરવા ન જોઈએ તેવી રજુઆત કરી હતી. સમિતિના સભ્ય શ્રી મીણા અને જિલ્લા કલેકટરશ્રીએ પણ મુસ્લિમ સમાજના અગ્રણીઓને સમાજના મુળભૂત અધિકારોનું રક્ષણ થશે તેવી ખાતરી આપી હતી.

## બેઠકમાં કોંગ્રેસી આગેવાનોની બાદબાકી

ભુજ : જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મળેલી યુસીસીની બેઠકમાં જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનોને આમંત્રણ ન મળતાં કોંગ્રેસી આગેવાન અને અખિલ ભારતીય મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય અમીરઅલી લોઢિયાએ સવાલો ઉઠાવ્યા હતા. હાલે રમઝાન માસ ચાલી રહ્યો છે, ત્યારે સમાજના આગેવાનો ઉપસ્થિત રહી શકે તેમ ન હોવા છતાં બેઠક કેમ યોજાઈ ? તેવી નારાજગી વ્યક્ત કરી હતી.


# ભુજ અને ભચાઉમાં આગ લાગતા દોડધામ



ભુજ : ભચાઉના લાયન્સનગર અને ભુજના શિવકૃપાનગરમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી.

આ અંગે મળતી વિગતો મુજબ ભચાઉના લાયન્સનગરમાં બાવળની ઝાડીમાં આગ લાગી હતી. જે અંગે ભચાઉ ફાયર ફાઈટરને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળ વ્યો હતો.

ભુજ શિવ કૃપાનગર બ્રહ્મ સમાજવાડીની બાજુમાં આવેલ પ્લોટમાં કોઈ કારણોસર આગ લાગી હોવાની જાણ ભુજ ફાયર ફાઈટરને જાણ થતાં તાત્કાલિક ભુજ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે જઈને આગ બુજાવવાની કામગીરી કરી હતી.


















## રોઝા–૨૯

### દુઆના આદાબ (રીતભાત)

**ઈફતાર : ૭.૧૦** | **સહેરી : ૫.૨૧**

દુઆ ફક્ત અલ્લાહ પાસે માંગો. તેના સિવાય બીજા કોઈને ક્યારેય જરૂરતો પૂરી કરવા માટે ન પોકારો. દુઆ ઈબાદતનું હાર્દ છે અને ઈબાદતનો હક્કદાર માત્ર અલ્લાહ છે. કુર્આને પાક કહે છે એને જ પોકારવું સાચું છે અને આ લોકો તેને છોડીને જે હસ્તીઓને પોકારે છે તેઓ એમની દુઆઓનો કોઈ જવાબ આપી શકતાં નથી. એમને પોકારવું તો એવુ છે કે જાણે કોઈ માણસ તેના બંને હાથ પાણીની તરફ ફેલાવીને ઈચ્છે કે પાણી (દૂરથી જ) તેના મોઢામાં આવી જાય. જો કે પાણી તેના સુધી ક્યારેય પહોંચી શકતું નથી. બસ આવી જ રીતે કાફિરોની દુઆઓ નકામી ભટકી રહી છે. (સૂર : અર્રઅદ-૧૪)

નબી સ.અ.વ.એ ફરમાવ્યું છે કે અલ્લાહતઆલા ફરમાવે છે. મારા બંદાઓ ! મે મારી ઉપર જુલ્મ હરામ કરી લીધો છે તો તમે પણ એકબીજાને જુલ્મ - અત્યાચારને હરામ સમજો. મારા બંદાઓ ! તમારામાંથી દરેક માર્ગ ભૂલેલો છે સિવાય એ કે જેને હું માર્ગ દેખાડું. મારા બંદાઓ તમારામાંથી દરેક ભૂખ્યો છે કે સિવાય એ કે જેને હું ખવડાવું તેથી તમે મારી જ પાસેથી રોજી માંગો તો હું તમને રોજી આપું. મારા બંદાઓ ! તમારામાંથી દરેક નગ્ન છે સિવાય એ કે જેને હું પહેરાવુ તેથી તમે મારી પાસેથી પોશાક માંગો, હું તમને પહેરાવીશ. મારા બંદાઓ ! તમે રાત્રિ દરમ્યાન પણ ગુના કરો છો અને દિવસ દરમ્યાન પણ અને હું બધા ગુના માફ કરી દઈશ. (સહીહ - મુસ્લિમ)

આપ સ.અ.વ. એ એમ પણ ઈર્શાદ ફરમાવ્યું છે કે વ્યક્તિએ પોતાની તમામ જરૂરિયાતો અલ્લાહ પાસે જ માંગવી જોઈએ એટલે સુધી કે જો બૂટની દોરી તૂટી જાય તો પણ અલ્લાહ પાસે જ માંગે અને જો મીઠાની જરૂરત પડે તો પણ તેની પાસે જ માંગે. (તિર્મિઝી) એટલે કે માણસે તેની નાનામાં નાની જરૂરત માટે પણ અલ્લાહ તરફ જ વળવું થવું જોઈએ. તેના સિવાય ન તો કોઈ દુઆ સાંભળનાર છે ન તો કોઈ ઈચ્છાઓ પૂરી કરનાર.

દુઆ ખૂબજ નિખાલસતા અને શુદ્ધ દાનત સાથે માંગો અને એવા વિશ્વાસ સાથે માંગો કે જે અલ્લાહ પાસે તમે દુઆ માંગી રહ્યા છો તે તમારી હાલતની પૂરેપૂરી અને ચોક્કસ જાણકારી પણ ધરાવે છે તેમજ તમારી ઉપર બેહદ મહેરબાન છે. દુઆ ધ્યાન મગ્ન બનીને, એકાગ્રતા સાથે અને દિલથી માગો અને અલ્લાહ પાસેથી સારી અપેક્ષા રાખો. તમારા ગુનાઓના ઢગલા ઉપર ધ્યાન રાખવાને બદલે અલ્લાહની અસીમ મહેરબાની તથા બેહિસાબ ઉદારતા ઉપર નજર રાખો.

નિયમિત રીતે દુઆ કરતા રહો. અલ્લાહની સમક્ષ તમારી આજીજી અને બંદગીનું પ્રદર્શન પોતે જ એક ઈબાદત છે. અલ્લાહે પોતે દુઆ કરવાનો હુકમ આપ્યો અને ફરમાવ્યુ છે કે, બંદો જ્યારે મને પોકારે છે ત્યારે હું તેને સાંભળું છું. બીજા લોકો માટે પણ દુઆ કરો પરંતુ હંમેશા પોતાનાથી શરૂઆત કરો. પહેલા પોતાના માટે દુઆ માંગો અને પછી બીજા માટે.

**-સૈયદ અલીઅસગર ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

# આદિપુરમાં ચેટીચંદની ઉમંગભેર ઉજવણી
















## ઝૂલેલાલ જયંતીની પૂર્વ સંધ્યાએ સિંધિ સંગીતનો ભવ્ય કાર્યક્રમ યોજાયો : ચેટીચંદ નિમિતે ઝૂલેલાલ મંદિર ખાતે આરતી, બહિરાણા સાહેબ, લંગર- મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા

ગાંધીધામ : આદિપુર ચેટી ચંદ મેલા સમિતિ, પૂજ્ય ભાઈબંધ પંચાયત ટ્રસ્ટ અને આદિપુર સિંધી નવ જવાન મંડલના ઉપક્રમે સિંધિ સમાજના ઈષ્ટદેવ પૂ. ઝૂલેલાલ દેવની જયંતી ચેટીચંદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ચેટીચંદની પૂર્વ સંધ્યાએ પ્રભુદર્શન ઓડિટોરીયમ ખાતે સિંધીયત જી શાન સિંધિ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઉલ્લાસનગરના લતા ભગતાણીએ સિંધી ભક્તિ સંગીતની રમઝટ જમાવી હતી. ઝૂલેલાલ જયંતીના સવારે ઝૂલેલાલ મંદિર મૂર્તિ પંચામૃત સ્નાન, લાલ મંદિરે ધ્વજારોહણ, આરતી, બહિરાણો સાહિબ બાદ ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. આ શોભાયાત્રામાં વિવિધ ઝાંખીઓએ નગરમાં આકર્ષણ જમાવ્યું હતું. બપોરે મંદિર અને પ્રભુદર્શન ઓડિટોરીયમ ખાતે લંગર, મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેનો સંકૂલના સિંધી પરિવારોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

### ભુજમાં ચેટીચંદની ઉજવણીનો આરંભ




સિંધી સમાજના ઈષ્ટદેવ પૂ. ઝુલેલાલ દેવની જયંતિ ચેટીચંદ નિમિત્તે ભુજમાં પૂજ સિંધી પંચાયત ટ્રસ્ટના ઉપક્રમે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે ધર્મશાળામાં ઝુલ સાંઈજીની જ્યોતનું પ્રાગટ્ય કરાયું હતું. ત્યારબાદ હાટકેશુ કોમ્પલેક્ષ ખાતે બહીરાણો, પંજડા, છેઝ, આરતી સહિતના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં સિંધી સમૂદાયના પરિવારો જોડાયા હતા.

### માતૃ સ્પર્સ હોસ્પિટલ સામખીયારી દ્વારા નિસલુક હેલ્થ ચેકઅપ કેમ્પ



ગાંધીધામ : લાકડીયા પોલીસ સ્ટેશન પર લાકડીયા પોલીસ સ્ટેશનના સહયોગ સાથે માતૃ સ્પર્સ હોસ્પિટલ સામખીયારી દ્વારા નિસલુક હેલ્થ ચેકઅપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ આ કેમ્પમાં ૩૦ થી વધારે પોલીસ જવાનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું આ કેમ્પ માં હોસ્પિટલ ડો આષિસ દરજી, કુલદીપસિંહ ઝાલા, પ્રકાસ વ્યાસ , રેખાબેન પોતાની સેવા આપી હતી આ અવસરે પી આઈ જે, એમ, જાડેજા, હસમુખભાઈ ચૌધરી, વરજાગભાઈ રાપુત, રાજેશભાઈ રાઠોડ, લક્ષ્મણસિંહ ઝાલ, ભાવનાબેન ચૌધરી મદદરૂપ બન્યા આ અવસરે હોસ્પિટલ ડારયેકટર વિકાસ રાજગોર જાણુયુ કે પોલીસ જવાનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે માતૃ સ્પર્સ હોસ્પિટલ જ્યાં જરૂર પડશે એ પોલીસ સ્ટેશનમા કેમ્પનું આયોજન કરી પોલીસ જવાનો નું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ઉપયોગી બનશે

### ડો. સોમૈયાને અચલા ફાઉન્ડેશનનો સારસ્વત એવોર્ડ એનાયત થશે

ગાંધીધામ :અચલા ફાઉન્ડેશનના પ્રણેતા ડૉ. મફતલાલ પટેલ દ્વારા અચલા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષ વિશિષ્ટ વ્યક્તિઓની કામગીરીઓને ધ્યાનમાં લઈને વિવિધ એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે ગુજરાતના જાણીતા લેખક અને મોટીવેશનલ સ્પીકર ડૉ ભાણજી એચ સોમૈયાની શૈક્ષણિક સિદ્ધિઓ, પોઝીટીવ પુસ્તકો અને પ્રેરણાદાયી પ્રવચનોને ધ્યાનમાં 'સારસ્વત એવોર્ડ' આપવાની જાહેરાત અચલા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી છે. ડૉ. સોમૈયાને ૩૦ માર્ચે અમદાવાદ મધ્યે મહાનુભાવના વરદહસ્તે સારસ્વત એવોર્ડ આપવામાં આપશે. અન્ય શિક્ષકો અને વિવિધ મહાનુભાવોને પણ સન્માનવામાં આવશે.

### ગાંધીધામમાં કસ્ટમના કર્મચારીનો મોબાઈલ ચોરાયો

ગાંધીધામ : અહીં ગોપાલપુરીમાં આવેલ કસ્ટમ કોલોનીમાં કસ્ટમના કર્મચારીનો મોબાઈલ ચોરાઈ ગયો હતો. આ બાબતે સુભાષ યોગેશચંદ્ર જસોરિયાના જણાવ્યા પ્રમાણે કોઈ ચોર ઈસમે તેમના માલિકીના ૨૫ હજાર ૧+ મોબાઈલની ચોરી કરી હતી. જે અંગે એ ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાયો છે. તો ચીરઈ ગામ આસપાસ પણ મહેસાણાના નિરવભાઈ દિપકભાઈ પટેલનો ૧૦ હજારનો મોબાઈલ ચોરાઈ ગયો હતો. જે બાબતે ફરિયાદ થઈ હતી.

### ભુજમાં કારખાનામાંથી ૩.૭૯ લાખનો મુદામાલ ચોરાયો

ભુજ : શહેરમાં નાગોર રોડ પર આવેલા કારખાનામાંથી ચોરી થઈ હતી. ફરિયાદી માધાપરમાં રહેતા સંજય રામકુમાર વર્માના જણાવ્યા પ્રમાણે જાન્યુઆરી ૨૦૨૫થી ૨૬મી માર્ચ સુધીમાં કોઈ પણ સમયે ફરિયાદીની માલિકીના બંધ કારખાનાના રસોડાના દરવાજાનું તાળુ તોડી કારખાનામાં પ્રવેશ કરી અંદર રાખેલ ટાયર રીટ્રેડીંગ કરવાના સાધનો અને ચીજવસ્તુઓ મળી કુલ ૩,૭૯,૧૦૦ના મુદામાલની ચોરી થઈ હતી. જેથી બી ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

### અંજારના સાપેડામાં આવતીકાલે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થશે

અંજાર : તાલુકાના સાપેડા ગામે સમસ્ત ગ્રામજનાના ઉપક્રમે આવતીકાલે તા. ૩૧-૩થી શ્રીમદ્ ભાગવત કથા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થશે. વ્યાસસ્થાનેથી પૂ. આચાર્ય રણછોડદાદા (ભડવેલ - ડીસા) કથાનું રસપાન કરાવશે. આવતીકાલે સવારે ૯:૩૦ કલાકે રામકૃષ્ણ મંદિરથી પોથીયાત્રા નિકળશે. ભારાપર જાગીરના મહંત દેવજીરાજા અને લઘુમહંત ભરતદાદાના હસ્તે દિપ પ્રાગટય કરાશે. કથા શ્રવણનો સમય દરરોજ સવારે ૯થી ૧ રહેશે. તા. ૩-૪ના રામ જન્મ અને કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. તા. ૪-૪ના ગોવર્ધન મહોત્સવ, તા. ૫-૪ના રૂક્ષ્મણી વિવાહ, તા. ૬-૪ના સુદામા ચરિત્ર સાથે કથા વિરામ લેશે. તા. ૭-૪ના નારાયણ યજ્ઞનું આયોજન કરાયું છે. કથા દરમ્યાન દરરોજ બે ટાઈમ મહાપ્રસાદનું આયોજન કરાયું છે. સાપેડા આહિર સમાજવાડી ખાતે કથાની પૂર્વ તૈયારીઓ પૂર્ણતાના આરે પહોંચી છે. કથાના મુખ્ય યજમાન તરીકે સ્વ. રાખ્યાભાઈ ભીમાભાઈ મરંડ પરિવારનું સૌજન્ય રહેશે. કથા દરમ્યાન દરરોજ બપોરે ૩થી ૬ દાંડિયારાસ યોજાશે. સર્વે ભાવિકોને કથા શ્રવણનો લાભ લેવા નિમંત્રણ પાઠવાયું છે.

## આડેસર પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રૂમની છત તુટી

**પોલીસે વીડિયોગ્રાફી સાથે મુદામાલ અન્ય રૂમમાં ટ્રાન્સફર કર્યો: છત તુટતાં ટીવી, સોલારબતી તેમજ દારૂની બોટલો તુટી ગઈ : અન્ય કોઈ જાનહાની નહીં**

ભુજ : રાપર તાલુકાના આડેસર પોલીસ સ્ટેશનમાં જયાં મુદામાલ રાખવામાં આવે છે તે રૂમની છત તુટી જતાં નાસભાગ મચી ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી.

આ બાબતે મળતી માહિતી પ્રમાણે ૨૮મી માર્ચના સાંજે પોણા સાત વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો.

ક્રાઈમ તથા બારનીસી રૂમની બાજુમાં આવેલ મુદામાલ રૂમની છત તુટીને અંદરની તરફ પડતાં મુદામાલ મલબા નીચે દબાઈ ગયો હતો. બે પંચો અને વીડિયોગ્રાફરની હાજરીમાં મલબો બહાર કાઢી પોલીસ સ્ટેશનના ફર્સ્ટ પાર્ટ, સકન્ડ પાર્ટ, અકસ્માત મોતના કાગળિયા સલામત જણાયા હતા. જે અન્ય રૂમમાં રાખવામાં આવ્યા છે. પોલીસ સ્ટેશનને ફાળવાયેલ ૪૨ ઈંચની ટીવી, કેમેરા, સામાન અને યુપીએસ તેમજ સોલાર બેટરી આ રૂમમાં રાખવામા આવી હતી. જે પૈકી ટીવી અને સોલાર બેટરીને નુકશાન થયું હતું. તેમજ અલગ અલગ ગુના કામે કબ્જે કરેલ બીયરના ટીન, કવાટરિયા અને દારૂની બોટલો તુટી ગઈ હતી.

અન્ય કોઈ જાનહાની થવા પામી નથી. જેથી પોલીસ દ્વારા જાણવાજોગ દાખલ કરવામાં આવી હતી.

### માંડવીમાં આઈપીએલની મેચ પર સટ્ટો રમતો યુવક ઝડપાયો

ભુજ : હાલમાં આઈપીએલની મેચો ચાલી રહી છે. તેમાં મુંદરા બાદ માંડવી પોલીસે સટ્ટો રમતા યુવકને ઝડપી લીધો હતો. આઝાદ ચોકથી બસ સ્ટેશન જતા રોડ પર ગાડીમાં બેસી સટ્ટો રમતા કંસારા બજારા હેત નરેશભાઈ બિજલાણીને ઝડપી લેવાયો હતો. યુવક ઓલ પેનલ એક્સ નામની વેબસાઈટ પર બેંગ્લોર અને ચેન્નઈ વચ્ચે સટ્ટો રમતો હતો. પાંચ લાખની ગાડી સહિતનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.



દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મનકી બાતનુ શ્રવણ પૂર્વ ધારાસભ્ય રમેશ ભાઈ મહેશ્વરી ઈ બૂથ નંબર ૨૦૯ સિરચા મુન્દ્રા મધ્યે કરીયુ હાતુ. પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, પૂર્વ સરપંચ નટુભા ચૌહાણ, ચંદ્રકાંત બાપુ ગોરડિયા, મુરજીભાઈ વિંઝોડા, ગોવિંદભાઈ વિંઝોડા, મહિપતસિંહ ચૌહાણ, ભરતસિંહ પ્રવિણસિંહ ગોહિલ, ચૌહાણ ખેતુભા ભીમજી, અરવેજ વિંઝોડા, ભગીરથસિંહ જાડેજા, રામજીભાઈ મારવાડા, જીવણભાઈ મહેશ્વરી મન કી બાત બુથ- ૨૦૯ સિરચા તા. મુંદરા.

## પહેલા પાનાથી...

**સંઘ - ભાજપમાં કોઈ**

કે ભાજપ અને RSSવચ્ચે મતભેદ છે. જે લોકો આ ખોટી વાર્તાઓ ફેલાવે છે તેઓ પોતાના રાજકીય લાભ માટે આમ કરે છે.''વડા પ્રધાન મોદીએ નાગપુરના સ્મૃતિ મંદિરમાં સંઘના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારને શ્રદ્ધાંજલિ આપીને પોતાના પ્રવાસની શરૂઆત કરી હતી. આરએસએસ નેતાએ કહ્યું, ''પ ીએમ બન્યા પછી વડા પ્રધાન મોદી પહેલી વાર અહીં આવી રહ્યા છે. આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક મુલાકાત છે. આ આરએસએસના ૧૦૦ વર્ષની ઉજવણી છે. આ માટે ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.''

તેમણે વધુમાં કહ્યું, ''દેશના મુદ્દાઓ પર સંઘના ઘણા મંતવ્યો છે. પીએમ મોદી આ મુદ્દાઓને આગળ ધપાવશે. તેમણે આ પહેલા પણ કર્યું છે. સરકારનું કામ ભારતને એક મજબૂત દેશ બનાવવાનું છે. વિકસિત ભારત બનાવવાનું છે.''

પ્રધાનમંત્રી મોદીની નાગપ ુર મુલાકાત દરમિયાન, સ્મૃ તિ મંદિર દીક્ષાભૂમિ, માધવ નેત્રાલય અને સોલાર ઈન્ડસ્ટ્રિયલ એક્સપ્લોઝિવ્સની મુલાકાત લેવા ઉપરાંત, તેઓ માધવ નેત્રાલય પ્રીમિયમ સેન્ટરનો શિલાન્યાસ કરવા પણ પહોંચ્યા હતા. અહીં તેઓ એક જાહેર સભાને સંબોધિત કરશે. પ્રધાનમંત્રી સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડ ખાતે લોઇટરિંગ મ્યુનિશન ટેસ્ટિંગ રેન્જ અને યુએવી રનવેનું પણ ઉદ્ઘાટન કરશે.

**હમાસ યુદ્ધવિરામ**

રીતે કાર્ય કર્યું છે. થોડા દિવસો પહેલા, અમને અમારા મધ્યસ્થી ભાઈઓ તરફથી એક પ્રસ્તાવ મળ્યો હતો. અમે સકારાત્મક પ્રતિભાવ આપ્યો અને તેને મંજૂરી આપી.''

**૨ એપ્રિલથી શેર**

આગામી અઠવાડિયામાં ઓનલાઈન શરૂ થશે અને વ્યક્તિગત રીતે વાટાઘાટોના પ્રારંભિક રાઉન્ડ માટે માર્ગ મોકળો કરશે.''

**PM મોદી ૧૨૦મી**

આ વખતે વિક્રમ સંવત ૨૦૮૨ શરૂ થઈ રહ્યો છે. મોદીએ કહ્યું, આજે કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણામાં ઉગાદીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્રમાં આજે ગુડી પડવાનો તહેવાર ઉજવવામાં આવી રહ્યો છે. આગામી થોડા દિવસોમાં આસામમાં 'રોંગાળી બિહુ', બંગાળમાં 'પોઈલા વૈશાખ', કાશ્મીરમાં 'નવરેહ' આપ ણા વૈવિધ્યસભર દેશના વિવિધ રાજ્યોમાં ઉજવવામાં આવશે. ૧૩ થી ૧૫ એપ્રિલ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં તહેવારોની જબરદસ્ત ઉજવણી થશે. આ અંગે ઉત્સાહનો માહોલ છે અને ઈદનો તહેવાર પણ આવી રહ્યો છે. એનો અર્થ એ કે, આ આખો મહિનો તહેવારો અને ઉજવણીઓથી ભરેલો રહે છે. હું આ તહેવારો પર દેશના લોકોને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. 'જરૂરી નથી કે સરકાર જે વાયદો કરે તે..' અજીત પ વારે ખર્ચના આંકડા ગણાવ્યા, મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું સ મોદીએ ફિટનેસ અને ફિટ રહેવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે લખ્યું, દિલ્હીમાં એક ભવ્ય કાર્યક્રમે લોકોને ખૂબ પ્રેરણા આપી છે, ઉત્સાહથી ભરી દીધા છે. ફિટ ઈન્ડિયા કાર્નિવલનું આયોજન પહેલી વાર એક નવીન વિચાર તરીકે કરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાંથી લગભગ ૨૫ હજાર લોકોએ તેમાં ભાગ લીધો હતો. તે બધાનો એક જ ધ્યેય હતો - ફિટ રહેવાનો અને ફિટનેસ વિશે જાગૃતિ ફેલાવવાનો.














# પોક્સોના ચકચારી કેસમાં આરોપીને આજીવન કેદ

**ભુજની ખાસ અદાલતે આપ્યો ધાક બેસાડતો ચુકાદો : અંતિમ શ્વાસ સુધી કેદ સાથે ૬ લાખનો ફટકાર્યો દંડ : ભોગ બનનાર સગીરાને ૪ લાખનું વળતર ચુકવવા હુકમ**

ભુજ : કચ્છભરમાં ચકચારી બનેલા પોક્સો કેસમાં અદાલતે આરોપીને આજીવન કેદ સાથે ૬ લાખના દંડની સજા સંભળાવી હતી. આ કેસની વિગત મુજબ ફરિયાદીની સગીર વયની દિકરીને આરોપી નિરોણાના મોહન લખુ મહેશ્વરીએ લગ્ન કરવાનુ કહેતો હતો. સગીરાએ લગ્ન કરવાની ના પાડતા આરોપીએ પોતે મરી જવાની ધમકી આપી હતી. આ ધમકીથી ડરી ગયેલી સગીરાએ લગ્ન કરવાની હા પાડી હતી. પરંતુ થોડા સમય બાદ ભોગ બનનારને આરોપી પરણેલો હોવાની જાણ થઈ હતી. આરોપીના છુટાછેડા થયા હોવાનું જાણ્યા બાદ સગીરાએ લગ્ન કરવાની ના પાડી હતી. તેમ છતા આરોપી વારંવાર ફોન કરી ભાગી જવાનું કહેતો હતો. વર્ષ ૨૦૨૧ના ઓગસ્ટ મહિનામાં રાત્રિના સમયે આરોપીએ લલચાવી ફોસલાવી શેરડી ગામેથી અપહરણ કરી નખત્રાણા તથા કોટડા જડોદરના વાડી વિસ્તારમાં લઈ ગયો હતો. ભુજ ત્યાર બાદ મેઘપર ટીટોડી ગામ વાડી વિસ્તારમાં તથા જુદા જુદા વિસ્તારોમાં લઈ જઈ ભોગ બનનાર સાથે પાંચ દિવસ સુધી બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આ ગુનાની ફરિયાદ ગઢશીશા પોલીસ મથકે નોંધાઈ હતી. અદાલતમાં ચાર્જશીટ રજૂ થતા ભુજની કોર્ટમાં કેસ ચાલી ગયો હતો. અદાલતે ૩૧ દસ્તાવેજી પુરાવા અને ૯ સાક્ષીઓને તપાસી ચુકાદો આપ્યો હતો. જેમાં આરોપીને જુદા જુદા ગુનામાં કસુરવાર ઠેરવી અંતિમ શ્વાસ સુધી કેદ સાથે ૬ લાખનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમમાંથી ૪ લાખ રૂપિયા ભોગ બનનારને વળતર તરીકે ચુકવવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહી દલીલો કરી હતી. ફરિયાદી વતી વસીમ એ. અરબ, અબ્દુલ એસ. કાયા અને નીતાબેન ડોટ હાજર રહ્યા હતા.

# રોજમદારોના રોજમાં દૈનિક ૧૦ રૂપિયા અને ૫૦ પૈસાનો વધારો કરાયો

ભુજ : કચ્છ જિલ્લાની સરકારી અને અર્ધસરકારી કે પ્રાઈવેટ કે અન્ય જગ્યાએ રોજમદાર તરીકે કામ કરે છે તેમને લઘુતમ વેતન ધારા હેઠળ તારીખ ૧/૪/૨૫ થી દૈનિક રોજમાં રોજના રૂપિયા ૧૦ અને ૫૦ પૈસાનો દૈનિક વધારો જાહેર કરવામાં આવ્યો છે, જેની અમલવારી માટે કચ્છ જિલ્લા મજદૂર વિકાસ મંચના પ્રમુખ અને કર્મચારીનેતા દર્શક અંતાણી અને કાયદા વિભાગના ધારાશાસ્ત્રી યોગેશભાઈ મહેતા દ્વારા ઝુંબેશ ઉપાડાશે.

દરમિયાન કચ્છ જિલ્લાની નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, પાણી પુરવઠા, જંગલ ખાતું, સિંચાઈ ખાતું, જિલ્લા પંચાયત તેમજ અન્ય સરકારી કચેરીઓમાં આ પરિપત્ર કચ્છ જિલ્લા મજદૂર વિકાસ મંચ દ્વારા મોકલી આપવામાં આવ્યો છે. જે રોજમદારોને આ પરિપત્રની જરૂર હોય તેમણે જવાબી કવરના સરનામાં સાથે મોકલવાથી આ પરિપત્ર દર્શક એન અંતાણી સી, ૯૮ શેરી નંબર ૫ નરસિંહ મહેતા નગર ભુજ અથવા ધારાશાસ્ત્રી યોગેશભાઈ મહેતા ગેરવાળી વંડી પાસે ગેબનશા પીર ભુજની બાજુમાં ભુજના સરનામેથી કવર મોકલવાથી આ પરિપત્ર મળી શકશે.

# અકસ્માતના કેસમાં ૧૯.૯૩ લાખનું વળતર ચુકવવા વિમા કંપનીને હાઈકોર્ટનો હુકમ

ભુજ : અકસ્માતમાં ગંભીર ઈજાઓના કારણે લકવાગ્રસ્ત જેવી પરિસ્થિતિ થઈ ગયેલ અરજદારને દુઃખ દર્દ યાતનાના ૧,૫૦,૦૦, જીવન સુવિધા ગુમાવવી પડેલ તેના ૧ લાખ, ભવિષ્યની સારવાર માટે ૫૦ હજાર મંજુર કરતો ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો આપ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે વધારાની રૂા.૬,૬૯,૮૮૦ તેમજ ૧૦ વ્યાજ તેમજ ખર્ચ સહિત રૂા. ૧૯,૯૩,૮૫૭ ચુકવવા વીમા કંપનીને હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ ૧૦-૧૦-૨૦૨,ના મોટી વિરાણીના દેવેન્દ્ર ડુંગરશી જોષી જી.જે. ૧૨ યુ ૯૦૪૫માં ક્લિનર તરીકે હતા, ત્યારે ચાલકે ટ્રકને ઝડપથી અને બેદરકારીથી ચલાવી આગળ જતી ટ્રકમાં ભટકાવતાં અકસ્માતમાં અરજદારને ગંભીર ઈજાઓ થઈ હતી, જેથી ૧૨ મહિના સુધી પથારીવશ રહેલ હતી. જેથી દેવેન્દ્ર જોષીએ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ વળતરની રકમ માટે ટ્રકના ડ્રાઈવર, માલિક અને વીમા કંપની ધી ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કું. લી સામે વળતરની અરજી કરી હતી. જેથી ટ્રીબ્યુલને અરજદારને રહેવા પામેલા સંપૂર્ણ કાયમી ખોડ અને રજુ થયેલા પુરાવા, દલિલોને ધ્યાને લઈ વળતરના ફક્ત રૂા. ૪,૩૯,૦૦૦ વ્યાજ તેમજ ખર્ચ સહિત ચુકવી આપવા વીમા કંપની સામે હુકમ કર્યો હતો. આ હુકમથી નારાજ થઈ અરજદારે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જેથી હાઈકોર્ટે અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ તથા અરજદારને રહેવા પામેલ ખોડને ધ્યાનમાં લઈને વિસ્તૃત છણાવટ કરીને અરજદારને આવક, ભવિષ્યની આવકની રકમની રકમ તેમજ ૭૦ ટકા ડિઝેબીલીટી માનીને વધારાની વળતરની રકમ રૂા. ૬,૬૯,૮૮૦ અરજી રજુ કર્યા તારીખથી ૧૦ ટકાના વ્યાજ તેમજ ખર્ચ સહિત ચુકવી આપવા વીમા કંપની સામે હુકમ કર્યો હતો. અરજદારના વકિલ તરીકે રાજેશ પ્રેમજીભાઈ ઠક્કર, હાર્દિક એન. જોબનપુત્રા હાજર રહ્યા હતા.

## જવાહરનગરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીધામ : તાલુકાના જવાહરનગર ગામે ચામુંડા હોટલની પાછળ જુગાર રમતા પાંચ ખેલી ઝડપાયા હતા. જેમાં બળવંતલાલ ઈશ્વરલાલ ઠક્કર, કમલેશભાઈ રામજીભાઈ માલી, લાલજીભાઈ પરસોત્તમભાઈ જોઈસર, પ્રવીણભાઈ લાખાભાઈ કોલી અને મહેશભાઈ વિનોદભાઈ કાપડીનો સમાવેશ થાય છે. રોકડા રૂપિયા ૧૦,૩૨૦ કબ્જે કરી એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

## પીપરાપાટીમાં પરિણીતાને ત્રાસ અપાયો

ભચાઉ : તાલુકાના પીપરાપાટી ગામે પરિણીતાને ત્રાસ અપાતા ફરિયાદ થઈ હતી. ફરિયાદી ભાવનાબેનના જણાવ્યા પ્રમાણે પતિ કાનજી રામાભાઈ રાવતાણી, સસરા રામાભાઈ ભગુભાઈ રાવતાણી અને સાસુ બબીબેન દ્વારા ઘરની નાની નાની બાબતોમાં ત્રાસ આપી દેહજની માંગણી કરી ઘરમાંથી કાઢી મુકી બાળક છીનવી લઈ ગુનો આચર્યો હતો. જેથી આદિપુર મહિલા પોલીસમાં ફરિયાદ થઈ હતી.

## વોંધના પુલિયા પર ટ્રક ડ્રાઈવરે એસટીને ઓવરટેક કરી ડ્રાઈવરને છરી બતાવી

ભચાઉ : તાલુકાના વોંધ ગામના પુલિયા પર ટ્રક ડ્રાઈવરે એસટીને ઓવરટેક કરી ડ્રાઈવરને મારી નાખવાની ધમકી આપી હતી. ફરિયાદી બનાસકાંઠા જિલ્લાના રામદાસભાઈ ડુંગરાભાઈ વરણના જણાવ્યા મુજબ આરોપી ટ્રક ડ્રાઈવર જી.જે. ૧૨ બી ઝેડ ૨૧૧૪ના ચાલકે ફરીયાદીની એસટી બસ નંબર જી.જે. ૧૮ ઝેડ ટી ૧૪૪૩ને બ્રિજ પર ઓવરટેક કરી વારંવાર હોર્ન મારી બસની આગળ ટ્રક ઉભી રાખી ગાળો આપવા સાથે છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ભચાઉ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

**GETCO — ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી.**
**બાંધકામ વિભાગ અંજાર**

**વીજ પુરવઠો બંધ રહેવા બાબતની જાહેરાત**

આથી માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, હયાત ૬૬ કે.વી. ચપરેડી -નાડાપા લાઈન માંથી સૂચિત ૬૬ કે.વી. હબાય સબસ્ટેશન સુધીની ૬૬કેવી બેવડી વિજરેષા લાઈનમાં વીજવાયર ખેચવાની કામગીરી કરવાની હોવાથી નીચે દર્શાવિલ ૬૬ કે.વી. ચપરેડી સબસ્ટેશન માંથી નીકળતા નીચે દર્શાવિલ ફીડરને લગતા ગામો તથા આજુબાજુનો વિસ્તારને તા:૩૦-૦૩-૨૦૨૫ ના રોજ સવારના ૦૮:૦૦ થી બપોરના ૧૫:૦૦ વાગ્યા સુધી વીજ પુરવઠો મળશે નહી.

| અં.નં | તારીખ | સમય | ફિડરનું નામ | ફિડરને સંબંધિત વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧ | ૩૦-૦૩-૨૫ | સવારના ૦૮.૦૦ થી બપોરના ૧૫.૦૦ | ૬૬ કે.વી. સબસ્ટેશનમાંથી નીકળતા નીચે દર્શાવિલ ૧૧ કે.વી. ફીડરો (૧) ૧૧ કે,વી. લોડાઈ જેજીવાય ફીડર (૨) ૧૧ કે.વી. હબાય એજી ફીડર | દર્શાવિલ ફીડરને લગતા લોડાઈ,માત્રા, મોટાવરનોરા, ઝીંકડી, હબાય,ખેંગરપર, મેઘપર, એરડો,લખાબો ગામના વીજ કનેક્શનો |

નિર્ધારીત કામ વહેલું પુરૂ થતાં બીજી કોઇ પણ જાતની જાહેરાત આપ્યા સિવાય પુનઃ વીજ પુરવઠો સ્થાપિત કરવા માં આવશે તેની નોંધ લેવા વિનંતિ.

"વીજળી બચાવો સ્વ તથા રાષ્ટ્રના હિતાર્થે"

કાર્યપાલક ઈજનેર (બાંધકામ),
ગેટકો, અંજાર.

**મા આશાપુરા વિદ્યા સંકુલ** — ગુજરાતી અને અંગ્રેજી પ્રાથમિક અને માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળા

પ્રમુખસ્વામીનગર રોડ, પ્રો.વખતસિંહજી જાડેજા માર્ગ, તા.ભુજ, જી.કચ્છ. પીન : ૩૭૦૦૦૧
E-mail : ashapuraschool@gmail.com

**શિક્ષકો જોઈએ છે વર્ષ : ૨૦૨૫-૨૦૨૬**

| શૈક્ષણિક લાયકાત | વિષય | માધ્યમ | વિભાગ | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|
| B.Sc/M.Sc. B.ED | ગણિત/વિજ્ઞાન | ગુજરાતી | પ્રાથમિક | ૦૧ |
| B.A./M.A., B.Ed. | અંગ્રેજી/સંસ્કૃત/સામાજીક વિજ્ઞાન | અંગ્રેજી | પ્રાથમિક | ૦૨ |
| B.A./M.A., B.Ed. | ગુજરાતી/હિન્દી | અંગ્રેજી | પ્રાથમિક | ૦૨ |
| B.Sc./M.Sc., B.Ed. | ગણિત/વિજ્ઞાન | અંગ્રેજી | પ્રાથમિક | ૦૨ |
| BCA/MCA | કમ્પ્યુટર | અંગ્રેજી | પ્રાથમિક | ૦૧ |
| B.A./M.A.,B.Ed. | ગુજરાતી/હિન્દી | અંગ્રેજી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.P.Ed. | શારીરીક શિક્ષણ | અંગ્રેજી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.Ed. | અંગ્રેજી/સંસ્કૃત | અંગ્રેજી | માધ્યમિક | ૦૧ |
| B.COM/M.COM, B.Ed. | નામું/આંકડાશાસ્ત્ર | અંગ્રેજી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.Ed. | હિન્દી/ગુજરાતી | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.P.Ed. | શારીરીક શિક્ષણ | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.Ed. | અંગ્રેજી/સંસ્કૃત | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |
| B.COM/M.COM, B.Ed | નામું/આંકડાશાસ્ત્ર | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |
| B.CA/M.CA. B.ED B.SC(IT) M.SC(IT) B.E | કમ્પ્યુટર | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |
| B.A./M.A.,B.Ed. | અર્થશાસ્ત્ર | ગુજરાતી | માધ્યમિક | ૦૧ |

- **આસીસ્ટન્ટ પ્રોફેસર : ૦૩** (નામુ/વાણિજ્ય/સંસ્કૃત/ગુજરાતી/હિન્દી/અંગ્રજી) M.COM/M.A. (55%) M.Ed (55%), NET/SET/SLET/Ph.D. (૨૦૦૯ નિયમો મુજબ)
- **પટ્ટાવાળા : ૦૪**

ઈચ્છુક ઉમેદવાર દિન-૭માં ઈમેઈલ પર અરજી મોકલવાની રહેશે.

चेटीचंड नए साल जी लख लख वाधाईयु...
जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
સિંધી સમાજના આરાધ્ય દેવ પ.પૂ. ઝુલેલાલની જન્મ જ્યંતિ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને ચેટીચંદની લખ લખ વધાઈયું.
लाल जा झाती चओ.... झूलेलाल... बेडाई पार...
PREM BHANUSHALI
XEROX WALA
SRC, Shop No. 10, Chawala Chowk, Gandhidham-Kutch
Mo.: 97374 31717, 73590 90990

चेटीचंड नए साल जी लख लख वाधाईयु...
जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
लाल जा झाती चओ.... झूलेलाल... बेडाई पार...



શ્રી દિનેશભાઈ લાલવાણી
નગરસેવકશ્રી,
વોર્ડ નં. ૦૨,ગાંધીધામ નગરપાલીકા

चेटीचंड नए साल जी लख लख वाधाईयु...
जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
સિંધી સમાજના આરાધ્ય દેવ પ.પૂ. ઝુલેલાલની જન્મ જ્યંતિ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને ચેટીચંદની લખ લખ વધાઈયું.
लाल जा झाती चओ.... झूलेलाल... बेडाई पार...
પ્રેમભાઈ પરિયાણી — મનીષ પરિયાણી
મહાદેવમલ એન્ડ સન્સ
C-35, મેઈન બજાર, ગાંધીધામ

સિંધી સમાજના આરાધ્ય દેવ ઝુલેલાલ તથા રઘુવંશી સમાજના ઈષ્ટદેવ દરીયાલાલ દેવની જન્મ જ્યંતિ નિમિતે સર્વે જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા...
॥ आयोलाल ॥
॥ झूलेलाल ॥



શ્રીમતી માલતીબેન મહેશ્વરી
ધારાસભ્યશ્રી, ગાંધીધામ વિધાનસભા મત વિસ્તાર

आयोलाल.... जेको चवन्दों झूलेलाल.... झूलेलाल....
तहिंजा थींन्दा बेडा पार...
सभनीन सिंधी भाउरन एं भेनरुन खे
चेटीचंड नए साल जी लख लख वाधाईयु
સિંધી સમાજના આરાધ્ય દેવ પ.પૂ. ઝુલેલાલની જન્મ જ્યંતિ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને ચેટીચંદની લખ લખ વધાઈયું.
HARISH TRANSPORT CO.
TRUCK, TRAILOR & CONTAINER TRANSPORTATION, LODER & WAREHOUSE
BRANCHES
KUTCH
GANDHIDHAM : 02836 221705 98791 72999 | ANJAR-GANGA NAKA : 02836-242812
BHUJ : JATHA BANDH BAZAR : 98252 36831 , 02836, 245167, 290252, 290190
MANDVI : BUNDER ROAD : 02834 223800 | BHACHAU : NR. ST. DEPO : 98251 36270
RAPAR : 98252 20586 | MUNDRA : 98295 20586
RAJKOT
MOCHI BAZAR : 98796 54000, 0281 228726, 223845
NAYAGAM (RAJKOT) 0281 2701784
AHMEDABAD
HARISHBHAI : PREM DARWAJA (A'BAD) : 079 22130319, 9825699489, 079 22130800
ABAD : RAJKOT BOOKING : 079 22136844
GINNING MILL COMPOUND : 079 22136509 | SARANGPUR : 079 22140099
DILIPBHAI SAKRKHEJ : 98250 26375 | NAROL : 079 25321838
SARKHEJ : 079 26891313 | HASMUKHA ASLALI : 02718 261 899, 98245 26375
For Container Contact : Kishan Jaiswal 77779454555
HEAD OFFICE : PURSHOTTAM CHAMBER, PLOT NO. 2, SECTOR-10/R, POST OFFICE ROAD, GANDHIDHAM (KACHCHH) 370 201
TEL : 220586, 222301, MO. : 98795 24818, 98795 34818
E-MAIL : harishtransport@gmail.com

आयोलाल.... झूलेलाल....
जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
सभनीन सिंधी भाउरन एं भेनरुन खे
चेटीचंड नए साल जी लख लख वाधाईयु
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
Shashikant M. Dhanwani
Chairman & Managing Director
DARIYA SHIPPING AGENCIES PVT. LTD.
ADIPUR - KUTCH
Website : www.dariyashipping.com

चेटीचंड नए साल जी लख लख वाधाईयु...
जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
સિંધી સમાજના આરાધ્ય દેવ પ.પૂ. ઝુલેલાલની જન્મ જ્યંતિ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને ચેટીચંદની લખ લખ વધાઈયું.
लाल जा झाती चओ.... झूलेलाल... बेडाई पार...
શિવ બર્તન સ્ટોર્સ
સ્ટેશન રોડ, ચાવલાચોક, ગાંધીધામ

जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार...
लाल जा झाती चओ — झूलेलाल... बेडाई पार...
સિંધી સમાજના આરાધ્ય દેવ પ.પૂ. ઝુલેલાલની જન્મ જ્યંતિ પ્રસંગે સર્વે જ્ઞાતિજનોને ચેટીચંદની લખ લખ વધાઈયું.
VALORA
VALORA PLYWOOD PVT LTD
Manufacturers Of : Plywood Flush Door Block Board
Our Contact Nos.: +91-98252 25799, +91-99256 79999, +91-99097 20803
E-Mail: hareshvidhani@yahoo.com Visit us at: www.valoraplywood.com
Factory: Survey No. 1408, National Highway 41, Taluka : Bhachau, Dist.: Kutch (Gujarat)
Regd. Office: G-8, Madhuban Complex, Plot No. 128, Sec. 8, Oslo Road, Gandhidham (Kutch)

आयोलाल.... जेको चवन्दों झूलेलाल.... तहिंजा थींन्दा बेडा पार... झूलेलाल....
सभनीन सिंधी भाउरन एं भेनरुन खे
चेटीचंड नए साल जी लख लख वाधाईयु
सिन्धी बोली अमर रहे... सिन्धी जाती अमर रहे...
SUHAVI PHARMA
Mfg. of Sterilised Water for Injections I.P./B.P./U.S.P. in Plastic ampoules 5ml/10ml/20ml.
Plot No. 55-56, Sector-II, Kandla Special Economic Zone, 370230
Gandhidham - Kutch Gujarat, India
Mo.: +91 98259 95698
Email : info@suhaviphama.com

# કંડલા-મુંદરામાંથી મસમોટા SEIS કૌભાંડનો પર્દાફાશ
# મુંદરા કસ્ટમનો ૨૬ કરોડના દંડનો ફટકો : કંડલા રાહમાં

**મોટા મોટા કોર્પોરેટ અને વચેટિયાઓએ સિસ્ટમને ૧૧૧.૪ કરોડનો ફટકારી દીધો ધુમ્બો : કંડલા અને મુન્દ્રા કસ્ટમ્સે ભોપાળું બહાર પાડવામાં આગેવાની લીધી, નકલી SEIS દાવાઓ અને ગેરકાયદેસર નફાની સિન્ડીકેટ ખુલ્લી પડી : મુંબઈ અને નોઈડાની પેઢીઓ મુખ્ય સુત્રધારની ભુમિકામાં હોવાની પ્રારંભીત તપાસમાં દર્શાવાઈ આશંકા**

**બનાવટી દસ્તાવેજો, ખોટા સેવા વર્ગીકરણ અને બહુ-સ્તરીય છેતરપિંડીના કારસાનો ખુલાસો : સરકારી લાભો ખિસ્સામાં લેવા માટે કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી નિકાસને વેગ આપવા માટે SEIS યોજના ખોટી રીતે SEIS સ્ક્રિપ્સનો ઉપયોગ કરતી કંપનીઆએ લીધો કરોડોનો ગેરલાભ**

**મુન્દ્રા કસ્ટમ્સે ૨૬ કરોડની વસૂલાતનો આદેશ આપ્યો : કંડલાએ વધુ ગુનેગારોને ઉજાગર કરવા માટે તપાસને વધુ આગળ લંબાવી**

**ડીઆરઆઈ હસ્તકનું જુનું પ્રકરણ છે, વર્તમાન સ્થિતીની તપાસ કર્યા બાદ કઈ વધુ કહી શકાય : મુંદરા કસ્ટમ વિભાગ**

## SEIS કૌભાંડથી દેશના અર્થતંત્રને મોટો ફટકો

ગાંધીધામ : જાણકારો કહી રહ્યા છે કે, આ કૌભાંડના ખુલાસાથી SEISના દુરુપયોગ અને ભારતના અર્થતંત્ર પર તેની અસર અંગે ગંભીર ચિંતાઓ ઉભી થઈ છે. ૧૧૧.૪ કરોડના છેતરપિંડીભર્યા ડાયવર્ઝનના પરિણામે મોટા પાયે આવકનું નુકસાન થયું છે, જેનાથી વાસ્તવિક સેવા નિકાસને ટેકો આપવાના સરકારના પ્રયાસોને નબળા પાડવામાં આવ્યા છે. આ કૌભાંડે બજાર સ્પર્ધાને પણ વિકૃત કરી છે, જેના કારણે અનૈતિક કંપનીઓ કાયદેસર નિકાસકારો પર અન્યાયી લાભ મેળવી શકે છે. પરિણામે સત્તાવાળાઓ હવે કડક નિયમો અને ઊંડી તપાસ રજૂ કરે તેવી અપેક્ષા છે જે વાસ્તવિક વ્યવસાયોને પણ અસર કરી શકે છે.

## મુંદરા-કંડલા કસ્ટમની સમયસચકતા સરાહનીય

ગાંધીધામ : મુન્દ્રા અને કંડલા કસ્ટમ્સે SEIS છેતરપિંડી પર પોતાની પકડ મજબૂત બનાવી હોવાથી સંડોવાયેલા લોકો સામે વધુ કાનૂનીકાર્યવાહીથવાનીઅપેક્ષાછે. આકાર્યવાહીભારતનીનિકાસ પ્રોત્સાહન યોજનાઓમાં છટકબારીઓને બંધ કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. જેમ જેમ તપાસ વિસ્તૃત થાય છે, તેમ તેમ જવાબદારી સુનિશ્ચિત કરવા અને ભારતના આર્થિક વિકાસને વેગ આપવા માટે બનાવાયેલ નીતિઓના વધુ શોષણને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

## શું છે SEIS ?

ગાંધીધામ : ભારતીય સેવા નિકાસકારોને પ્રોત્સાહન આપવા માટે ફોરેન ટ્રેડ પોલિસી હેઠળ ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા સર્વિસ એક્સપોર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ રજૂ કરવામાં આવી હતી. તે ડ્યુટી ક્રેડિટ સ્ક્રિપ્સ પ્રદાન કરે છે, જેનો ઉપયોગ કસ્ટમ ડ્યુટી ચૂકવવા માટે થઈ શકે છે અથવા નાણાકીય લાભ માટે અન્ય વ્યવસાયોને વેચી શકાય છે.

## SEIS યોજનાના ગેરલાભની આ રહી મોડસ ઓપરેન્ડી

ગાંધીધામ : આ એસઈઆઈએસ યોજનાનો હેતુ વિદેશી હૂંડિયામણ લાવનારા વ્યવસાયોને પુરસ્કાર આપીને વૈશ્વિક સેવા બજારમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવાનો છે. જો કે, તેના અમલીકરણમાં છટકબારીઓએ છેતરપિંડી પાછળ સ્પષ્ટ મોડસ ઓપરેન્ડી ઓળખી કાઢી છે. કંપનીઓએ ઉચ્ચ SEIS પ્રોત્સાહનોનો લાભ લેવા માટે સેવાઓનું ખોટું પ્રતિનિધિત્વ કર્યું, બનાવટી ઈન્વોઈસ રજૂ કર્યા અને તેમના દાવાઓને સમર્થનઆપવા માટે વિદેશી હૂંડિયામણના ડેટાને વધારીને રજૂ કર્યા અને ગેરકાયદેસર નાણાકીય લાભ માટે મધ્યસ્થીઓ દ્વારા છેતરપિંડીથી મેળવેલા શેરોને ફરીથી વેચ્યા. આ બહુ- સ્તરીય કૌભાંડથી કોર્પોરેશનો મધ્યસ્થીઓ અને અંતિમ લાભાર્થીઓને રાષ્ટ્રીય તિજોરીના ખર્ચે નફો મેળવવાની મંજૂરી જ મળી જવા પામતી હોય તેમ આ કૌભાંડને અંજામ અપાયું.

ગાંધીધામ : દેશના મહાબંદરે પૈકીના કંડલા-મુંદરા બંદર પરથી વધુ એક કેન્દ્રીય સરકારી યોજનાનો ગેરલાભ ઉઠાવનારા મોટા મોટા કાર્પોરેટ ગ્રુપ સહીતનાઓની સંડોવણી વાળા એક મોટા છેતરપીંડીના કૌભાડનો પર્દાફાશ કરવામા આવ્યો હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. આ ભોપાળુ કંડલા-મુંદરા કસ્ટમ વિભાગ દ્વારા ઉજાગર કરવામા આવ્યુ છે. મુંદરા કસ્ટમ વિભાગ દ્વારા તો આ કેસમાં શો કોઝ નોટીસ ફટકાર્યા બાદ સબંધિત પ્રકરણમાં જ ૨૬ કરાડેનો દંડ પણ ફટકારતો આદેશ પણ કરી દીધો છે જયારે કે આ જ પ્રકરણમાં કંડલા કસ્ટમ હજુ વધુ સમય લઈ રહી હોવાથી તેને તપાસમાં વધુ ઘણુ બહાર આવવાની ઈંતેજારી હોવાનો વર્તારો સામે આવવા પામી રહ્યો છે.

આ પ્રકરણની સહેજ વિગતે વાત કરીએ તો સર્વિસ એક્સપોર્ટ્સ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ (SEIS) હેઠળ રૂ.૧૧૧.૪ કરોડના કૌભાંડનો પર્દાફાશ થયો છે, જેમાં કોર્પોરેટ સંસ્થાઓ અને અમુક વચેટીયાઓ દ્વારા સરકારી પ્રોત્સાહનોનો ગેરઉપયોગ કરીને આચરવામાં આવતી છેતરપિંડીનો ખુલાસો થયો છે. કંડલા કસ્ટમ્સે કારણદર્શક નોટિસ જારી કરીને તપાસ શરૂ કરી હતી જયારે મુન્દ્રા કસ્ટમ્સે ફોરેન્સિક ઓડિટ હાથ ધર્યું હતું અને ઓર્ડર પાસ કરીને દંડ અને વ્યાજ સહિત ૨૬ કરોડની વસૂલાતની માંગણી કરી હતી. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ અને કસ્ટમ્સ સત્તાવાળાઓની આગેવાની હેઠળની તપાસમાં બનાવટી નાણાકીય દસ્તાવેજો, સેવાઓનું ખોટું પ્રતિનિધિત્વ અને છેતરપિંડીથી મેળવેલા SEIS સ્ક્રિપ્સના વ્યાપક પુનર્વેચાણ નેટવર્કનો પર્દાફાશ થયો હતો.

આ કૌભાંડના કેન્દ્રમાં મેસર્સ ઈન્વેન્ટરસ નોલેજ સોલ્યુશન લિમિટેડ (નવી મુંબઈ) અને મેસર્સ ક્યુએ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ (નોઈડા) છે, જેમણે ગેરકાયદેસર રીતે SEIS લાભોનો દાવો કરવા માટે સેવા વર્ગીકરણમાં છેડછાડ કરી હતી અને નફા માટે છેતરપિંડીથી મેળવેલા સ્ક્રિપ્સને ફરીથી વેચ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે મેસર્સ ઈન્વેન્ટરસ નોલેજ સોલ્યુશન લિમિટેડે પ્રોત્સાહનોનો લાભ લેવા માટે BPO સેવાઓને એકાઉન્ટિંગ ઓડિટિંગ અને બુકકીપિંગ અને હોસ્પિટલ સેવાઓ તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરીને SEIS લાભોમાં ૭૮૫ કરોડનો ખોટો દાવો કર્યો હતો. તેવી જ રીતે મેસર્સ ઊછ ઈન્ફોટેક પ્રા. લિ.ડે સોફ્ટવેર પરીક્ષણને સંશોધન અને વિકાસ સેવાઓ તરીકે ખોટી રીતે રજૂ કર્યું હતું અને છેતરપિંડીના દાવાઓને ન્યાયી ઠેરવવા માટે બનાવટી ઈન્વોઈસ અને સર્ટિફિકેટમાં ફેરફાર કર્યા હતા. પરિણામે, મુન્દ્રા કસ્ટમ્સે દંડ અને વ્યાજ સહિત ૨૬ કરોડની વસૂલાતની માંગણી કરતો આદેશ પસાર કર્યો હતો. દરમિયાન કંડલા કસ્ટમ્સે તેની તપાસનો વિસ્તાર કર્યો છે, જે દર્શાવે છે કે કૌભાંડમાં વધુ કંપનીઓ સંડોવાઈ શકે છે. વધુ તપાસમાં જાણવા મળ્યું કે અનેક મધ્યસ્થી કંપનીઓએ છેતરપિંડીભર્યા SEIS સ્ક્રિપ્સના પુનર્વેચાણમાં દલાલ તરીકે કામ કર્યું હતું, જેનાથી નાણાકીય ગેરરીતિનું એક જટિલ નેટવર્ક બન્યું હતું. ભારતના કેટલાક મોટા કોર્પોરેટ નામોએ આ છેતરપિંડીથી મેળવેલા સ્ક્રિપ્સનો ઉપયોગ આયાત જકાતથી બચવા માટે કર્યો હોવાનું જાણવા મળ્યું છે, જેનાથી કૌભાંડની પહોંચ વધુ વધી છે.

**ઉનાળાની સિઝન શરૂ થતાં**

# સરહદી ખાવડામાં પાણીની તંગીની ઉઠી ફરિયાદ

**૧૭ હજારથી વધુ માનવ વસ્તી અને ૪૦ હજાર પશુધન માટે પાણી પુરવઠા વિભાગ દ્વારા છ - સાત દિવસે માંડ એકવખત અપાય છે પાણી : વર્ષ ૨૦૧૧ ની ચાર હજારની વસ્તી ગણતરીના આધારે તંત્ર આપે છે પાણી : પાણીનો જથ્થો વધારવા ગ્રામ પંચાયત દ્વારા રાજય સરકાર સુધી કરાઈ રજુઆત : પાણીના અભાવે લોકોને હિજરત કરવાની પડશે ફરજ : ઉપસરપંચ ખાવડા ગ્રામ પંચાયત**

## તળાવનું પાણી બચાવવું અનિવાર્ય

ખાવડા અને આસપાસના વિસ્તારોમાં આવેલા નાના- મોટા જળસંગ્રહ સ્થાનોમાં ગત વર્ષે થયેલા સારા વરસાદના કારણે પાણી ભરાયેલું છે. પરંતુ તળાવમાં માલધારીઓ પોતાની ભેંસોને મુકી દેતા હોવાથી તળાવનું પાણી પીવાલાયક રહેતું નથી. કુદરતી જળસંગ્રહ સ્થાનોનું પાણી ગંદુ થતું અટકાવવામાં આવેતે ઈચ્છનીય છે. ગામના જાગૃત નાગરિકોના જણાવ્યા અનુસાર તળાવમાં પશુઓને છોડી દેવાના બદલે તળાવનું પાણી સુરક્ષિત કરવામાં આવે તો તળાવનું પાણી લોકો માટે ઉપયોગી બની શકે.

## ૪૦ હજારથી વધુ પશુઓને પાણી માટે વલખા

સરહદને અડીને આવેલા ખાવડા ગામમાં ૧૭ હજાર જેટલી માનવ વસ્તી છે. ઉપરાંત ગામમાં ૪૦ હજારથી વધુનું પશુધન છે. ગામને અપુરતું પાણી મળતું હોવાથી લોકોને પુરતું પાણી આપી શકાતું નથી ત્યારે ૪૦ હજાર જેટલા પશુઓ માટે પાણીની વ્યવસ્થા કેમ થઈ શકે તેવો સવાલ ગ્રામ પંચાયતના હોદેદારો ઉઠાવી રહ્યા છે. પરંપરાગત જળસ્ત્રોતના અભાવે મુંગા પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવા પશુપાલકો અને માલધારીઓને વલખા મારવા પડી રહ્યા છે.

## ખાનગી ટેન્કરોના વધ્યા ફેરા

ખાવડા ગામના ખત્રીવાસ, જુનાવાસ, કોલીવાસ, ડેમવારી કકર, મેઘપર, સુમરાવારી કકર જેવા વિસ્તારોમાં પાણીની તંગી સવિશેષ જોવા મળે છે. આ વિસ્તારમાં અઠવાડીયે માંડ એક વખત જ પાણીનું વિતરણ કરવામાં આવે છે. જે આ વિસ્તારમાં રહેતા લોકો અને પશુઓ માટે પૂરતા પ્રમાણમાં હોતું નથી. જેથી લોકોને નાછુટકે નાણાં ખર્ચી પ્રાઈવેટ ટેન્કર મંગાવવાની ફરજ પડે છે. ખાનગીમાં પાણી મંગાવવાની ફરજ પડતી હોવાથી ગરીબ- મધ્યમવર્ગના લોકો પર આર્થિક ભારણ વધ્યું છે. ઉનાળામાં પાણીની ખપત વધતાં આ વિસ્તારમાં ખાનગી ટેન્કરોના ફેરા વધ્યા છે.

## જળસંકટ દૂર કરવા ભગીરથ પ્રયાસ : ધારાસભ્ય

ખાવડા વિસ્તારમાં પાણીની સમસ્યા કાયમી ધોરણે હલ થાય તે માટે પોતે ધારાસભ્ય બન્યા ત્યારથી સક્રિય પ્રયાસો કર્યા હોવાનું ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું. ખાવડા સુધી પાણી પહોંચતું કરવા રૂા. ૧૩૫ કરોડના માતબર ખર્ચે નવીલાઈન નાખવામાં આવી છે. ખાવડા સુધી ખૂબ દુરથી પાણી પહોંચતું કરવામાં આવે છે. કયારેક પાણીની મોટરમાં ખામી સર્જાય, લાઈનમાં ભગાણ થાય કે વીજ પુરવઠામાં વિક્ષેપ થયો હોય તેવા કારણોસર વિતરણમાં બાંધા અવશ્ય થતી હોય છે. પરંતુ હાલે ૨૦ એમએલડી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. ખાવડા વિસ્તારમાં પાણીનો જથ્થો વધારવા ગાંધીનગર કક્ષાએ પણ તેમણે રજુઆત કરી હોવાનું જણાવ્યું હતું.

ભુજ : ઉનાળાની સિઝનનો પ્રારંભ થતા જ કચ્છના અંતરિયાળ વિસ્તારોમાંથી પાણીની તંગીની ફરિયાદો ઉઠતી થઈ છે. અપુરતા પરંપરાગત જળસ્ત્રોત ધરાવતા કચ્છ જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં હાલે નર્મદાનું પાણી પહોંચતુ થયું છે. કચ્છની ધરા પર નર્મદા મૈયાના અવતરણ બાદ જિલ્લાની પીવાના પાણીની સમસ્યા મહંદશે હલ થઈ જરૂર છે તેમ છતાં છેવાડાના વિસ્તારોમાં હજુ પણ ઉનાળાના સમયગાળામાં પાણીના પોકાર ઉઠતા રહે છે.

ભુજ તાલુકાના સરહદને અડીને આવેલા ખાવડા ગામમાં




છેલ્લા ત્રણેક વર્ષથી અપુરતા પાણીની સમસ્યા સર્જાઈ છે. ગામના ઉપસરપંચ સુરેશભાઈ મારવાડાના જણાવ્યા અનુસાર પાણી પુરવઠા વિભાગ તરફથી છ કે સાત દિવસે ગામને પાણી મળે છે. ઉનાળાના પ્રારંભે જ આ સ્થિતિ છે. તો કેમ પસાર થશે તે ચિંતાનો વિષય છે. છેલ્લા થોડા વર્ષોમાં ખાવડા ગામની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે. રણમાં સાકાર થઈ રહેલા આરઈ પાર્કની કામગીરીના કારણે અનેક લોકો ખાવડામાં

અનુસંધાન પાના નં.૫ પર




## બિદડામાં સરાજાહેર હુમલામાં ઘવાયેલા વૃદ્ધનું મોત થતાં મામલો હત્યામાં ફેરવાયો

**પ્રેમ લગ્ન મુદ્દે ત્રણ મહિલાઓએ લાકડી વડે હુમલો કરતાં વૃદ્ધ ઘવાયા હતા : સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં થયો હતો વાયરલ : પોલીસની નબળી કામગીરીના કારણે મામલો હત્યા સુધી પહોંચ્યો**



ભુજ : માંડવી તાલુકાના બિદડા ગામે સરાજાહેર વૃદ્ધ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેનો વીડિયો પણ વાયરલ થયો હતો. આ હુમલામાં ઘવાયેલા વૃદ્ધનું મોત થતાં મામલો હત્યામાં ફેરવાયો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ૨૭મી માર્ચના સાંજે બિદડાના જુના બસ સ્ટેશન પાસે બાંકડા પર ૭૫ વર્ષના લધાભાઈ સંઘાર બેઠા હતા, ત્યારે ત્રણ મહિલાઓ આવી અને વૃદ્ધને ધોકા વડે ઢોર માર માર્યો હતો. ઉપરાંત તેમની પેન્ટ ઉતારી ક્ષોભજનક સ્થિતિમાં મુકી દેવામાં આવ્યા હતા. સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ અને તેનો વીડિયો પણ વાયરલ થયો હતો. વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા અને તેમના દિકરા દિનેશે ફરિયાદ નોંધાવી હતી. કોડાય પોલીસે જે તે સમયે હુમલો કરનાર રાજબાઈ વિરમ સાકરિયા, જાનબાઈ બુધિયા અને સોનબાઈ સામે મારામારીનો ગુનો દાખલ કર્યો હતો. ત્રણેય મહિલાઓને કારમાં બનાવ સ્થળે લઈ આવનાર સામે ફરિયાદ દાખલ કરી ન હતી. બાદમાં હોબાળો થતાં રાજબાઈના ભત્રીજા વિશાલને આરોપી બનાવાયો હતો. જે ચારેયની ધરપકડ બાદ જામીન પર છુટી ગયા છે. દરમિયાન હોસ્પિટલમાં સારવાર તળે રહેલા લધાભાઈનું મોત થતાં મામલો હત્યામાં ફેરવાયો છે.

અનુસંધાન પાના નં.૫ પર







